# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-08-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.**

***************************************************

- ✓ પાકિસ્તાન માટે નૌકા દળની જાસુસ કેસમાં નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી-એનઆઇએનાં ગુજરાત સહિતનાં રાજ્યોમાં 16 સ્થળોએ દરોડા
- ✓ જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરાયું
- ✓ જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સલામતી દળો સાથેની બે અથડામણોમાં ત્રણ ત્રાસવાદીનાં મૃત્યુ
- ✓ **અમેરિકામાં લિસ્ટેરિયા ફાટી નીકળવાના કારણે નવ વ્યક્તિનાં મૃત્યુ**
- ✓ આજે દેશભરમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાઈ રહ્યો છેઃ પ્રધાનમંત્રી મોદીએ રમતવીરોને પ્રોત્સાહન આપવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## NIA SEARCH

પાકિસ્તાન દ્વારા વિશાખાપટ્ટનમ જાસુસી કેસમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા-એનઆઇએએ ગઈ કાલે ગુજરાત સહિતનાં અનેક રાજ્યોમાં ગઈ કાલે શોધ અભિયાન હાથ ધર્યું હતું. એનઆઇએનાં જણાવ્યા પ્રમાણે ગુજરાત, કર્ણાટક, કેરળ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, બિહાર અને હરિયાણામાં 16 સ્થળોએ સઘન શોધ આદરવામાં આવી હતી.

આ સ્થળો શંકાસ્પદો સાથે સંકળાયેલા હતા, જેમણે ભારતીય નૌકા દળની સંવેદનશીલ માહિતીના બદલામાં પાકિસ્તાન પાસેથી નાણા મેળવ્યા હતા. એનઆઇએ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અભિયાન દરમિયાન કુલ 22 મોબાઇલ ફોન અને સંખ્યાબંધ સંવેદનશીલ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા.

## J&K - ECI NOTIFICATION

ભારતના ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું બહાર પાડ્યું છે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ આવતા મહિનાની 5મી છે. જ્યારે બીજા દિવસે પત્રકોની ચકાસણી હાથ ધરવામાં આવશે. 9મી સપ્ટેમ્બર સુધી નામ પરત ખેંચી શકાશે. 25મી સપ્ટેમ્બરે મતદાન યોજાશે. આ તબક્કામાં 6 જિલ્લાની 26 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ જિલ્લાઓ છેગાંદરબલ, શ્રીનગર, બડગામ, રાજૌરી, પૂંચ અને રિયાસી. તમામ તબક્કાના પરિણામ 4 ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે.

## HARYANA ELECTION

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોનાં નામને અંતિમ રૂપ આપવા માટે આજે સાંજે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે પી નડ્ડાનાં અધ્યક્ષપદે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળશે.

કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક પહેલાં શ્રી નડ્ડાનાં નિવાસસ્થાને હરિયાણા ભાજપના કોર ગ્રૂપના નેતાઓની મુખ્ય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે 1 ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. મત ગણતરી 4 ઓક્ટોબરે થશે.

## EC HARYANA

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા સાઈટ X પર BJP હરિયાણા દ્વારા પ્રચારના વીડિયોમાં બાળકનો ઉપયોગ કરતી પોસ્ટને ગંભીરતાથી લીધી છે. હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા રાજ્ય ભાજપ પ્રમુખને તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી માટે કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે.

રાજ્ય ભાજપના વડા મોહન લાલ બડોલીને આજે સાંજે 6 વાગ્યા સુધીમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર રાજકીય પક્ષો અને ચૂંટણી અધિકારીઓ  ચૂંટણી પ્રક્રિયામાં કોઈ બાળકનો ઉપયોગ ન કરી શકે

# J&K

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં આજે ભારતીય સેના  સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બે આતંકવાદીઓ મચૈલ સેક્ટરમાં અને એક કુપવાડા જિલ્લાના તંગધાર સેક્ટરમાં માર્યા ગયા હતા જ્યારે સેનાએ નિયંત્રણ રેખા ના વિસ્તારોમાં ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

આ વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો હોવાથી ખરાબ હવામાનને કારણે શોધખોળ અભિયાનમાં અવરોધ ઉભો થઈ રહ્યો છે. આતંકવાદીઓએ છેલ્લા બે મહિના દરમિયાન કઠુઆ, ડોડા, પૂંચ, રાજૌરી, રિયાસી અને ઉધમપુર જિલ્લામાં સેના, સુરક્ષા દળો અને નાગરિકો પર ઓચિંતો હુમલો કર્યો હતો.

# UPSC-AADHAR

સરકારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનને સ્વૈચ્છિક ધોરણે ઉમેદવારોની ઓળખ ચકાસવા માટે આધાર આધારિત પ્રમાણીકરણ કરવાની મંજૂરી આપી છે. નોંધણી સમયે ઉપરાંત પરીક્ષાઓ અને ભરતીના વિવિધ તબક્કા દરમિયાન તેને મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણય પૂજા ખેડકરની કામચલાઉ ઉમેદવારી રદ કરવા અને તેની ઓળખની નકલ કરીને સિવિલ સર્વિસ પરીક્ષામાં છેતરપિંડી કરીને પાત્રતાની બહારના પ્રયાસો કરવા બદલ ભવિષ્યની તમામ પરીક્ષાઓમાંથી તેને બાકાત રાખવાના પગલે આવ્યો હતો.

# LISTERIA OUTBREAK

અમેરિકામાં 2011માં કેન્ટાલૂપમાં જોવા મળેલો લિસ્ટરિઓસિસ રોગ ફરી ફાટી નીકળ્યો છે. લિસ્ટેરિયાના 50 થી વધુ દર્દી નોંધાયા છે જ્યારે નવ મૃત્યુ થયા છે. સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન સીડીસી દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના ડેટા અનુસાર, આ રોગ 18 રાજ્યોમાં ફેલાયો છે, જેમાં કુલ 57 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

લિસ્ટેરિયાના લક્ષણોમાં તાવ, શરદી અને માથાના દુખાવોનો સમાવેશ થાય છે અને કેટલાક વ્યક્તિઓમાં અસર થતા દસ અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો, સગર્ભા સ્ત્રીઓ અને 65 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે લિસ્ટેરિયા ખૂબ જ ગંભીર હોઈ શકે છે.

# **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# **FINANCE-GIFT**

**નાણા મંત્રાલયે સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન રૂલ્સ 1956માં સુધારો કર્યો છે, જેને પગલે જાહેર ભારતીય કંપનીઓ GIFT ઈન્ડિયન ફાઈનાન્સિયલ સિસ્ટમ કોડ પર સિક્યોરિટીઝનું સીધું લિસ્ટિંગ કરી શકશે.**

**નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવા સુધારાઓ ભારતીય સ્ટાર્ટ-અપ્સ અને ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ માટે વૈશ્વિક મૂડીની સરળ પહોંચની સુવિધા આપે છે. આનાથી ભારતીય કંપનીઓને અન્ય બજારોમાં તેમની હાજરી વિસ્તારવા માટેના માર્ગો શોધવામાં ફાયદો થશે. મંત્રાલયે ગઈકાલે આ સંદર્ભમાં ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું હતું.**

**નિયમો મુજબ, IFSC માં ફક્ત આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર સૂચિબદ્ધ કરવા ઇચ્છતી જાહેર ભારતીય કંપનીઓ માટે ઑફર દસ્તાવેજ મુજબ ન્યૂનતમ ઑફર અને જાહેર જનતાને ફાળવણી પોસ્ટ-ઇશ્યૂ મૂડીના ઓછામાં ઓછા 10 ટકા હશે.**

## MAHARASHTRA SHIVAJI STATURE-CM

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સિંધુદુર્ગ જિલ્લાના માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજની મૂર્તિ ખંડિત થવા પાછળનાં કારણોની તપાસ કરવા ટેકનિકલ સંયુક્ત સમિતિ રચવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી કાર્યાલય પ્રમાણે, આ સમિતિમાં સિવિલ એન્જિનિયર, નિષ્ણાતો, આઇઆઇટીનાં પ્રતિનિધિ અને નૌકા દળના અધિકારીનો સમાવેશ થાય છે.

શ્રી શિંદેએ છત્રપતિ શિવાજી મહારાજની ભવ્ય અને ઉત્કૃષ્ટ પ્રતિમા સ્થાપિત કરવા દેશનાં ટોચનાં મૂર્તિકારો, સિવિલ એન્જિનિયર્સ, નિષ્ણાતો અને નૌકા દળના અધિકારીઓની એક સમિતિ રચવા લોક નિર્માણ વિભાગને નિર્દેશ આપ્યો.

## INDIA - LANKA : HYBRID POWER

ભારતે શ્રીલંકાના ઉત્તરીય ક્ષેત્રમાં હાઇબ્રિડ પાવર પ્રોજેક્ટ માટે પ્રથમ ચુકવણી કરી છે. શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રીલંકાના ઉર્જા સચિવ સુલક્ષણા જયવર્દના અને શ્રીલંકા સસ્ટેનેબલ એનર્જી ઓથોરિટીના અધ્યક્ષ રણજીત સેપાલાને પ્રથમ ચુકવણી સોંપી.

ભારત અને શ્રીલંકા વચ્ચે માર્ચ 2022 માં થયેલા કરાર હેઠળ, એક ભારતીય સંસ્થા, ડેફ્ટ, નૈનાતીવુ અને એનાલાતિવુ ટાપુઓમાં આ હાઇબ્રિડ પાવર પ્રોજેક્ટ્સ ચલાવી રહી છે. આ પ્રોજેક્ટ સૌર અને પવન ઊર્જાના સંયોજન દ્વારા આ ટાપુઓની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારત તરફથી 11 અબજ યુએસ ડોલરની ગ્રાન્ટ સાથે શરૂ કરવામાં આવ્યો હતો. જે આવતા વર્ષે માર્ચ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે.

## SPORTS DAY

આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ છે. હોકીના દંતકથા સમાન ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતીએ દર વર્ષે 29 ઓગસ્ટનાં રોજ રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, રમતગમતને પ્રોત્સાહન આપવા અને વધુને વધુ યુવાનો રમતગમતમાં રાષ્ટ્રનું નામ રોશન કરે તે સુનિશ્ચિત કરવા સરકાર પ્રતિબધ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, દેશ આજે પ્રસિધ્ધ હોકી ખેલાડી મેજર ધ્યાનચંદને શ્રધ્ધાંજલિ આપી રહ્યો છે. યુવા બાબતો અને રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ આપ્રસંગે દેશનાં તમામ નાગરિકોને ઓછામાં ઓછો એક કલાક રમતગમત માટે ફાળવવાનો અનુરોધ કર્યો છે. તેમણે તમામ નાગરિકોને આજે રાષ્ટ્રવ્યાપી ઉત્સવમાં ભાગીદાર બનવાનો આગ્રહ કર્યો હતો.

## US OPEN

યુએસ ઓપનમાં વર્તમાન ચેમ્પિયન નોવોક જોકોવિચે સર્બિયન ખેલાડી લાસ્લો ડેજેરેને હરાવીને પોતાનો 90મો વિજય મેળવ્યો હતો. આર્થર અશે સ્ટેડિયમ ખાતે રમાયેલા બીજા રાઉન્ડમાં ઇજાને કારણે લાસ્લો નિવૃત થયા હતા. જોકોવિચ હવે ત્રીજા રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાના એલેક્સી પોપરિનનો સામનો કરશે.

## KOLKATA-CASE--DOCTOR

કોલકાતા દુષ્કર્મ અને હત્યા સંબંધિત કેસમાં,ઇન્ડિયન મેડિકલ એસોસિએશન-IMA દ્વારા રચવામાં આવેલી શિસ્ત સમિતિએ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદિપ ઘોષનું સભ્યપદ રદ્દકરી દીધું છે. IMAએ જણાવ્યું છે કે પીડિતાના માતા-પિતાએ સમિતિની બેઠકમાં ડૉ. ઘોષ સામે તેમની ફરિયાદો રજૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે ડૉ. ઘોષ IMA ની કોલકાતા શાખાના ઉપાધ્યક્ષ હતા.

# HISQUAD- ASIAN CHAMPIONS TROPHY

હોકી ઈન્ડિયાએ 8 સપ્ટેમ્બરથી 17 સપ્ટેમ્બર સુધી ચીનના હુલુનબુર ખાતે રમાનારી પ્રતિષ્ઠિત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે 18 સભ્યોની ભારતીય પુરૂષ હોકી ટીમ જાહરી છે. આ ટુર્નામેન્ટમાં એશિયાના ટોચના હોકી રમતા દેશો ભારત, કોરિયા, મલેશિયા, પાકિસ્તાન, જાપાન અને યજમાન ચીન એકબીજા સામે ટક્કર લેશે.

વર્તમાન ચેમ્પિયન ભારતનું નેતૃત્વ ડ્રેગ-ફ્લિકર હરમનપ્રીત સિંહ કરશે અને અનુભવી મિડફિલ્ડર વિવેક સાગર પ્રસાદ વાઇસ-કેપ્ટન તરીકે તેમનો સાથ આપશે. ભારતીય ટીમ તેના અભિયાનની શરૂઆત 8 સપ્ટેમ્બરે ચીન સામેની તેની પ્રથમ મેચથી કરશે અને ત્યારબાદ 9 સપ્ટેમ્બરે જાપાન સામેની મેચ રમશે..